# કૃષિ ઔદ્યોગિક તાલીમ સંસ્થા
# એગ્રો આઈ. ટી. આઈ

કૃષિ આધારિત ઉદ્યોગો સાથે સંકળાયેલ ખેડૂતોને રોજગારી પૂરી પાડવામાં ખેતી મહત્વની ભૂમિકા ભજવે છે. હાલ ખેતી ક્ષેત્રે અવનવા સંશોધન હાથ ધરાય છે. પરિણામ સ્વરૂપ ખેતીનો ખૂબ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. કૃષિ પાકો ઉત્પાદન વધારવા નથી જાતો, બીજ ઉત્પાદન પદ્ધતિ, સેન્દ્રિય ખેતી, જમીન તંદુરસ્તી, સૂક્ષ્મ પિયત પદ્ધતિ, જૈવિક ખાતરોનો વપરાશ, સંકલિત પોષણ વ્યવસ્થા, પિયત વ્યવસ્થા, સંકલિત નિંદણ વ્યવસ્થા, સંકલિત પાક સંરક્ષણ વ્યવસ્થા વગેરે ક્ષેત્રે અવનવા સંશોધન થઈ રહ્યા છે. આ સંશોધનોનો ખેડૂતો ઉપયોગ કરી કૃષિ ઉત્પાદનમાં સારું ઉત્પાદન લઈ શકે છે અને કૃષિ પેદાશોના સારા ભાવ મેળવી શકે છે.

ખેતી સાથે પશુપાલન પણ અનિવાર્ય એવો પૂરક વ્યવસાય છે. જેમાં પશુ સંવર્ધન અને પશુ પોષણ મહત્વના ઘટકો છે. દૂધનું વધુ તથા પોષણક્ષમ ઉત્પાદન મેળવવા માટે વૈજ્ઞાનિક રીતે પશુપાલનની માહિતી આવશ્યક છે. વધુમાં મરઘાં પાલન પણ એક વ્યવસાય તરીકે વિકાસ પામી રહ્યો છે. ત્યારે ઉત્કૃષ્ટ મરઘાં પાલન અંગે મરઘાં પાલકોને જરૂરી વૈજ્ઞાનિક પદ્ધતિની કૌશલ્યલક્ષી તાલીમ સાથે જાણકારી આપવી જરૂરી છે. આ ઉપરાંત ગામડા તથા શહેરોમાં લોકોને તાજા શાકભાજી મળી રહે તે માટે કીચન ગાર્ડનીંગ તથા હોમ ગાર્ડનીંગ આજની જરૂરિયાત છે. ખેતીને પૂરક વ્યવસાય તરીકે મશરૂમની ખેતીમાં પણ વ્યાપક તકો ઉભી થઈ રહી છે.

દરેક ખેડૂતોને કૌશલ્યલક્ષી વ્યવસાયિક જાણકારી મળી રહે તે માટે જે તે ખેતીના કુશળ માનવસ્ત્રોતો તૈયાર કરવાની જરૂરિયાત છે. જે માટે ગુજરાત સરકારશ્રી દ્વારા સને ૨૦૧૧માં નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે એગ્રો ઔદ્યોગિક તાલીમ સંસ્થા (એગ્રો આઈ.ટી.આઈ.) ચાલુ કરવામાં આવી છે. ખાસ કરીને ગામડામાં રહેતા યુવાનોને તાલીમ આપવામાં આવે છે. આ પ્રમાણે તૈયાર થયેલ યુવાનો પોતે સ્વતંત્ર રીતે ખેતી અથવા તેના પૂરક વ્યવસાયો અપનાવી આવક મેળવી શકે છે અને જરૂરિયાત વાળા ખેડૂતોને માહિતી આપી રોજગારી વધારવામાં મદદરૂપ થઈ શકે છે.

## એગ્રો આઈ.ટી.આઈ. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે ચાલતા અભ્યાસક્રમો

| અ.નં. | અભ્યાસક્રમનું નામ | અનુકૂળ સમયગાળો | ઓનલાઈન રજીસ્ટ્રેશન લિંક |
|---|---|---|---|
| ૧. | સીડ પ્રોડક્શન | ઓગસ્ટ–સપ્ટેમ્બર | https://forms.gle/9BrVeQJzrWS2TsSr6 |
| ૨. | ક્ષેત્ર વ્યવસ્થાપન | ડીસેમ્બર–જાન્યુઆરી –ફેબ્રુઆરી | https://forms.gle/6NN4TJj1cfMyyEJJ7 |
| ૩. | સેન્દ્રિય ખેતી | નવેમ્બર | https://forms.gle/M8rxuWUG9NywXiRS6 |
| ૪. | જમીન/પાણી/છોડ/સેન્દ્રિય ખાતર/રાસાયણિક ખાતર અને પ્રદૂષિત પાણીનું પૃથ્થકરણ | સમય મર્યાદા નથી | https://forms.gle/3A8ERso6JfJqyGfB9 |
| ૫. | સૂક્ષ્મ પિયત પદ્ધતિ | સપ્ટેમ્બર–ઓક્ટોબર | https://forms.gle/yTXfKVPEYXDku5mR6 |
| ૬. | જૈવિક ખાતર અને જૈવિક નિયંત્રક ઉત્પાદન | ડીસેમ્બર–ફેબ્રુઆરી | https://forms.gle/QqhPkF48XYu91yw79 |
| ૭. | કીચન ગાર્ડન–હોમ ગાર્ડન | નવેમ્બર | https://forms.gle/RKuTGMFs5h6UmDGU8 |
| ૮. | બોનસાઈ અને ફૂલોની ગોઠવણી | નવેમ્બર | https://forms.gle/RhM1ncqCNcECcsaC7 |

| | | | |
|---|---|---|---|
| ૯. | વ્યાપારી ધોરણે ખાદ્ય મશરૂમ ઉગાડવું | જુલાઈ–સપ્ટેમ્બર | https://forms.gle/HichbjfdDDCkWWSEA |
| ૧૦. | પેશી સંવર્ધન | જુલાઈ | https://forms.gle/bhqmuKa8H7LxMwVC9 |
| ૧૧. | પાક જીવાતનું જૈવિક નિયંત્રણ | ડીસેમ્બર | https://forms.gle/nJKwimRhxgPNDkJo7 |
| ૧૨. | પશુપાલન | સમય મર્યાદા નથી | https://forms.gle/mbSiHvXXPw1XZjXk8 |
| ૧૩. | મરઘાં ઉછેર | સમય મર્યાદા નથી | https://forms.gle/W7yNycQ43JQMqw246 |
| ૧૪. | ગાય અને ભેંસમાં પ્રજનન વ્યવસ્થા | સમય મર્યાદા નથી | https://forms.gle/HtCZpPyXY6bnUtM36 |
| ૧૫. | કૃષિ ઉદ્યોગ સાહસિકતા વિકાસ | ડીસેમ્બર–જાન્યુઆરી –ફેબ્રુઆરી | https://forms.gle/5tCgKXUTomyWTm756 |

❖ અરજી ફોર્મ મેળવવાનું તેમજ ભરીને પરત કરવાનું સ્થળ :
**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

❖ અરજી ફોર્મની ફી : ૨૦/–રૂા. રોકડા

❖ ઉપરોકત તાલીમમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કર્યા બાદ પ્રવેશની જાણ અત્રેથી ઉમેદવારોને કરવામાં આવશે. ત્યાર બાદ પરિશિષ્ટ–૧માં દર્શાવેલ અરજીફોર્મ ભરી અને જરૂરી ડોકયુમેન્ટ જોડી ભરેલું ફોર્મ રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા વર્ષ દરમ્યાન સરકારી જાહેર રજાઓ સિવાય કોઈપણ દિવસે કચેરી સમય (સવારે ૮:૦૦ થી ૫:૦૦ કલાક) દરમ્યાન મોકલી શકો છો.

❖ આ અભ્યાસક્રમની ફી લેવામાં આવતી નથી.

# પરિશિષ્ટ-૧

## વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## નવસારીકૃષિ યુનિવર્સિટી
## નવસારી

### તાલીમમાં જોડાવા માટેનું અરજીફોર્મ

(૧) ઉમેદવારનું પૂરેપૂરુ નામ :..........................................................................

(૨) જન્મ તારીખ :..........................................................................

(૩) જાતિ/પેટા જાતિ :..........................................................................

(૪) સરનામું :..........................................................................

ગામઃ.............................................. તાલુકોઃ..........................................

જિલ્લોઃ ..............................................પિનકોડઃ..........................................

(૫) મોબાઈલ નંબરઃ................................... વોટસએપ નંબર ...................................

(૬) ઈ–મેઈલ આઈડીઃ.........................................................

(૭) જે તાલીમમાં જોડાવા માંગતા હોય તે તાલીમનું નામઃ..........................................................................

(૮) શૈક્ષણિક લાયકાતઃ

| અ.નં. | પાસ કરેલ પરીક્ષાનું નામ | પાસ કર્યાનું વર્ષ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

(૯) હાલનો વ્યવસાયઃ

(૧) ખેતીઃ ☐ (૨) પશુપાલનઃ ☐ (૩) વ્યવસાયઃ ☐ (૪) નોકરીઃ ☐ (૫) વિદ્યાર્થીઃ ☐

(૧૦) બાંહેધરીઃ

જો મને ઉપરોક્ત તાલીમમાં પસંદ કરવામાં આવશે તો હું નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નકકી કરવામાં આવેલા ધારાઓનું ચુસ્તપણે પાલન કરીશ, જેની બાંહેધરી આપુ છું.

તારીખ : ................................

**તાલીમાર્થીની સહી**